**નરોડા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૬૦૧૩૪/૨૦૨૬, ધી બી.એન.એસ. એકટ કલમ ૩૦૩(૨), ૫૪ મુજબના ગુનાના કામે અરજદાર : મનહરભાઈ અમરતભાઈ ચૌહાણનાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી લગત હુકમ.**

---------------------------------------

૧. અરજદારે હાલની અરજી આપી જણાવેલ છે કે, નરોડા પોલીસ સ્ટેશનના ઉપરોક્ત ગુના રજીસ્ટરના કામે અરજદારની પોતાની માલિકીનો OPPO કંપનીનો A-3x મોડલનો મોબાઈલ ફોન કે જેનો IMEI NO.866275 071408554 છે જે હાલમાં ઉપરોક્ત ગુનામાં મુદ્દામાલ તરીકે જમા લીધેલ છે અને હાલમાં પોલીસ સ્ટેશનમાં જમા પડેલ છે. ઉપરોક્ત જણાવેલ મુદ્દામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં બંધ હાલતમાં પડી રહેવાથી અરજદારને રોજબરોજના કામકાજમાં તકલીફ થાય તથા અરજદારને આર્થિક નુકશાની થાય તેવા સંજોગોમાં ઉપરોક્ત મુદ્દામાલ શરતોને આધિન પરત આપવા અરજ ગુજારેલ છે.

૨. અરજદારની સદર અરજી અન્વયે તપાસ કરનાર અમલદાર પાસેથી મુદ્દામાલ અન્વયે અભિપ્રાય મંગાવવામાં આવેલ છે જે રજુ થયેલ અભિપ્રાય વંચાણે લેતાં અરજદારને મુદ્દામાલ શરતોને આધિન પરત સોંપવાનો અભિપ્રાય પાઠવેલ છે. ત્યારબાદ વિ.સરકારી વકીલશ્રીને તથા સદર કામે અરજદારના વિ.વકીલશ્રીને સાંભળવામાં આવેલ છે.

૩. અરજદારે સદર મુદ્દામાલ મોબાઈલ તેઓની માલિકીનો હોવા બાબતે સદર મોબાઈલનું બિલ રજુ કરેલ છે, જે વંચાણે લેતાં મોબાઇલ અરજદારના નામે નોંધાયેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં, અરજદારે ઓળખ અંગેના પુરાવા તરીકે તેઓના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે. સદર મુદ્દામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો મોબાઈલ ઈલેકટ્રોનીક સાધન હોઈ, તેમાં આંતરિક ખામીઓ ઉભી થાય તેથી અરજદારને આર્થિક નુકશાની સહન કરવી પડે તથા અરજદારને મુદ્દામાલ વગર રોજબરોજના કામકાજમાં તકલીફ

થાય તેવા સંજોગો છે જેથી અરજદારને અમુક રકમના જામીન આપ્યેથી પરત સોંપવામાં આવે તો ઉપરોક્ત મુદ્દામાલનો ઉપયોગ થઈ શકે તથા તેનો વ્યય થતો અટકે. સદર કામે વિ.એ.પી.પી.શ્રીનો શેરો વંચાણે લીધો. નામદાર સુપ્રિમ કોર્ટના **"૨૦૦૩(૧) જી.એલ.એચ. પાના નં.૩૦૭, સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત સરકાર"** ના ચુકાદા મુજબ મુદ્દામાલ અરજદારને પરત સોંપવો જોઈએ તે ધ્યાને લઈ તેવા સંજોગોમાં યોગ્ય શરતોને આધિન મુદ્દામાલ આ કામના અરજદારને વચગાળાની કસ્ટડી માટે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી ન્યાયી અને ઉચીત જણાતું હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

અરજદાર : **મનહરભાઈ અમરતભાઈ ચૌહાણ** ની હાલની મુદ્દામાલ પરત મેળવવાની અરજી **મંજુર** કરવામાં આવે છે.

અરજદારે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો જે તે પોલીસ સ્ટેશને રજુ કર્યેથી સદર મુદ્દામાલ **(OPPO કંપનીનો A-3x મોડલનો મોબાઈલ ફોન કે જેનો IMEI NO.866275071408554)** અરજદારને નીચેની શરતોને આધીન વચગાળાની કસ્ટડીના સ્વરૂપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

૧) અરજદારે સદરહુ મુદ્દામાલ નામદાર કોર્ટ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

૨) અરજદારે મુદ્દામાલની સંભાળ લેવી અને તેના સ્વરૂપમાં કોઈ ફેરફાર કરવો નહીં.

૩) અરજદારે સદર મુદ્દામાલ કોઈને બક્ષીસ આપવુ નહીં, વેચવુ નહીં કે, અન્ય કોઈપણ રીતે તબદીલ કરવુ નહીં.

૪) ત.ક.અ.નાએ મુદ્દામાલના અરજદારના ખર્ચે ત્રણ ફોટોગ્રાફ્સ પડાવીને આ કામમાં સામેલ રાખવા.

૫) આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ મોબાઈલમાંથી ગુનાને લગતો ડેટા લેવાનો હોય તો તે ડેટા ત.ક.અ.નાએ મોબાઈલમાંથી લઈ અન્ય ડીવાઈસમાં સ્ટોર કર્યા બાદ મોબાઈલ અરજદારને પરત કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૩/૦૩/૨૦૨૬
અમદાવાદ(સીટી).

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(સીટી).(જી.જે.૦૦૮૬૬)